VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ભૌગોલિક સંકેતો અને તેનું મહત્વ

## કુ. જાનકી પટેલ

પી. એચ ડી સ્કોલર,
ઇન્ટરનેશનલ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮૧૧૦
મો : ૮૪૦૧૮૪૬૦૯૮
E-mail: janakipatel531@gmail.com

## શ્રી. પ્રિમલ પટેલ

સિનિયર રિસર્ચ ફેલો,
ઇન્ટરનેશનલ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮૧૧૦
મો : ૮૮૬૬૧૧૨૫૫૦
E-mail: patelprimal83@gmail.com

## ડૉ. યોગેશ લાડ

એસો.પ્રો.અને વડા,
ઇન્ટરનેશનલ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮૧૧૦
મો : ૯૪૨૭૧૦૫૯૯૦
E-mail: yalad@aau.in

## ABSTRACT

બૌદ્ધિક સંપત્તિ અધિકારો એ માનવ મનની કુશળ રચનાઓનો ઉપયોગ કરવા માટેના કાયદાકીય અધિકારો આપવામાં આવેલ છે. બૌદ્ધિક સંપત્તિ અધિકાર માં મુખયત્વે કોપીરાયઇટ, પેટન્ટ, ઔદ્યોગિક ડિઝાઇન, ટ્રેડમાર્ક્સ, સર્વિસ માર્ક્સ અને ભૌગોલિક સંકેતો નો સમાવેશ થાય છે. ઉપરોક્ત અન્વયે પારંપરિક કુશળતા તથા કુદરતી રીતે અલગ તરી આવતી વિભિન્નતાને ભૌગોલિક સંકેત આપવામાં આવે છે.

વધુમાં, ભૌગોલિક સંકેત ( **Geographical Indication** ) એ વિશેષ વસ્તુઓ, પ્રાકૃતિક વસ્તુઓ તથા ઉત્પાદનો ને આપવામાં આવતું નામ આથવા ચિન્હ છે. જે તે વસ્તુઓના ચોક્કસ ભૌગોલિક સ્થાન અથવા મૂળનું પ્રમાણ આપે છે, અને વસ્તુની ગુણવત્તા કે મહત્વ સુનિશ્ચિત કરે છે. વસ્તુઓ તથા ઉપજ/ ઉત્પાદન ના ગુણધર્મો, સ્વાદ, રંગ, સ્વરૂપ અને સુગંધ બીજાથી અલગ તારી આવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જી.આઈ ટેગ' ટ્રેડ રિલેટેડ એકસપેકટ્સ ઓફ ઈન્ટેલેકચુઅલ પ્રોપર્ટી રાઈટ્સ' ( **TRIPS** ) પરના વર્લ્ડ ટ્રેડ ઓરગેનાઇઝેશન એગ્રીમેન્ટ દ્વારા સંચાલિત થાય છે. ભારત સરકારના વાણિજ્ય અને

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ઉદ્યોગ મંત્રાલયના ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ અંતર્ગત ની કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટર્સ, ડિઝાઈન્સ એન્ડ ટ્રેડમાર્કસ ( **CGPDTM** ) અને ઈન્ડિયન પેટન્ટર્સ ઓફિસ દ્વારા જી.આઈ ટૅગ આપવામાં આવે છે, તથા જીયોગ્રાફિકલ ઈન્ડિકેશન ઓફ ગૂડ્સ (રજિસ્ટ્રેશન એન્ડ પ્રોટેકશન) એકટ, ૧૯૯૯ અંતર્ગત ૧૫ સપ્ટેમ્બર, ૨૦૦૩થી તેની નોંધણી કરાય છે. આ અન્વયે ભારત સરકાર દ્વારા ભૌગોલિક સંકેતો માટે લોગો અને ટેગલાઈન આપવામાં આવે છે. તેની ટેગલાઈન “ ઈનવેલ્યુએબલ ટ્રેઝર્સ ઓફ ઈન્ક્રેડીબલ ઈન્ડિયા” છે. ભારત સરકાર દ્વારા જી.આઈ.ટેગ કૃષિ ઉપજ, પ્રાકૃતિક વસ્તુઓ , હસ્તકળા, ખાદ્ય સામગ્રી , વસ્ત્ર અને કાપડ, મસાલા , પીણાં, ઔદ્યોગિક ઉત્પાદન જેવી વસ્તુઓ માટે આપવામાં આવે છે. જી.આઈ ટૅગ માટેનું રજીસ્ટ્રેશન ૧૦ વર્ષ માટે થાય છે, ૧૦ વર્ષ બાદ તે રીન્યુ કરાવવું પડે છે. જો ૧૦ વર્ષ બાદ રિન્યુ કરવામાં આવતું નથી, તો તેને ભૌગોલિક સંકેતો ની યાદી માંથી દૂર કરવામાં આવે છે.

દેશમાં સૌપ્રથમ જી.આઈ. ટેગ દાર્જીલીંગ ની ચા માટે વર્ષ ૨૦૦૪-૦૫ માં આપવામા આવ્યો હતો. ત્યારબાદ આજ સુધીમાં ભારતમાં આશરે ૪૨૦ જેટલી વસ્તુને/ઉત્પાદન ને જી.આઈ ટૅગ અથવા જી.આઈ લોગો આપવામાં આવ્યો છે.

જી.આઇ. ટેગ થી થતા ફાયદાઓ:

ભૌગોલિક સંકેતની નોંધણીથી નીચેના પ્રમાણે લાભ મળે છે:

- ઉત્પાદનોને કાનૂની સુરક્ષા મળે છે
- અન્ય લોકો દ્વારા જી.આઇ.ટેગ ઉત્પાદનો અનધિકૃત ઉપયોગ અટકાવી શકાય
- તે ગ્રાહકોને ઇચ્છિત લાક્ષણિકતા ઓ ના ગુણવત્તા યુક્ત ઉત્પાદનો મેળવવા માટે મદદ કરે છે અને પ્રામાણિકતા ની ખાતરી આપે છે
- જી.આઇ. ટેગ માલના ઉત્પાદકો ની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેમની માંગમાં વધારો કરીને આર્થિક સમૃદ્ધિને પ્રોત્સાહન અપાવે છે

ગ્રામીણ વિકાસમાં પણ જી.આઇ. ટેગ ની ભૂમિકા ભજવે છે

- જી.આઇ. ટેગ મળેલ વસ્તુ ના ભાવ વધારે અને સ્થાયી હોય છે
- જી.આઇ. ટેગ થી પૌરાણિક અને પરંપરાગત કુશળતા જાળવણી કરી શકાય છે
- પર્યટન વ્યસ્થાપન ને વેગ મળી શકે છે

ગુજરાત રાજ્ય ને પણ કૃષિ ઉપજ , પ્રાકૃતિક વસ્તુઓ , હસ્તકળા, વસ્ત્ર અને કાપડ, ઔદ્યોગિક ઉત્પાદન જેવી વસ્તુઓ માટે જી.આઈ.ટેગ મળેલ છે. જેની યાદી નીચે મુજબ છે.

- ગુજરાતમાં **GI** ટેગમળેલ વસ્તુઓ ની યાદી



સંખેડા ના ફર્નિચર અને તેનો લોગો




ખંભાતના અકીક અને તેનો લોગો



કચ્છી એમ્બ્રોડરી અને તેના લોગો







http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

પેઠાપુર ના વુડન પ્રિન્ટિંગ બ્લોકસ સુરત નું જરી કામ કંગાલિયા ની શાલ







ગીરની કેસર કેરી ભાલિયા ઘઉં કચ્છી શાલ







પાટણનાપટોળા જામનગરી બાંધણી વારલી પેઇન્ટિંગ





રાજકોટ ના પટોળા પિથોરા ચિત્રકલા

અંતમાં, જી આઈ નું બૌદ્ધિક સંપત્તિ માં આગવું સ્થાન ધરાવે છે. જી આઈ થી રાજ્ય તેમજ રાષ્ટ્ર ને વિશ્વ સ્તરે ખ્યાતિ પ્રાપ્ત થાય છે તથા આર્થિક તેમજ બૌદ્ધિક વિકાસ માટે અગત્ય નો ભાગ ભજવે છે. આથી આપણે સૌએ કોપીરાયઇટ, પેટન્ટ, ઔદ્યોગિક ડિઝાઇન, ટ્રેડમાર્ક્સ, સર્વિસ માર્ક્સ અને ભૌગોલિક સંકેત મેળવવા પોતાનું યોગદાન આપવું જોઈએ. જેથી કરીને આપણે આપણા રાજ્ય તથા દેશના વિકાસ માટે મહત્વપૂર્ણ યોગદાન આપી શકાય.

## સંદર્ભ સૂચિ:

1. Department for promotion of industry and internal trade, Ministry of commerce & industry. **Registration Details of Geographical Indications**. Retrieved from: https://ipindia.gov.in/registered-gls.htm
2. World Intellectual Property Organization**. Basic Information about Geographic Indication.** Retrieved from: https://www.wipo.int/geo_indications/en/#:~:text=A%20geographical%20indication%20(GI)%20is,originating%20in%20a%20given%20place.

http://vidyajournal.org